# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક:રાપબો/ ઉચ્ચકલા/૨૦૧૮-૧૯/253-273 તારીખ:૨૨/૦૧/૨૦૧૯

## ઉચ્ચકલા (પાંચમુ વર્ષ) પરીક્ષા - ૨૦૧૯

## જાહેરનામું:

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૧૮-૧૯ માં **ઉચ્ચકલાઓના** અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આગામી માર્ચ-એપ્રિલ-૨૦૧૯માં લેવાનાર વાર્ષિક પરીક્ષાઓનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

**આ પરીક્ષા માટેના ઉમેદવારોના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:૨૯/૦૧/૨૦૧૯ (બપોરના ૧૪.૦૦ કલાક) થી તા:૦૫/૦૨/૨૦૧૯ (રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) ઓનલાઇન ભરવાના રહેશે.**

**સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા જરૂરી સૂચના નીચે મુજબ છે**

| ક્રમ | વિગત | છેલ્લી તારીખ / સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ | ૨૨/૦૧/૨૦૧૯ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટપર ઓનલાઈન આવેદનપત્રો ભરવાનો સમયગાળો | ૨૯/૦૧/૨૦૧૯ (બપોરના ૧૪.૦૦ કલાક) થી ૦૫/૦૨/૨૦૧૯ (રાત્રીના ૨૩.૫૯ કલાક) |
| 3 | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૨૯/૦૧/૨૦૧૯ થી ૦૬/૦૨/૨૦૧૯ |
| ૪ | સંસ્થાઓએ ઓનલાઈન ભરાયેલ આવેદન પત્રો બોર્ડને પહોચાડવાની છેલ્લી તારીખ | ૧૫/૦૨/૨૦૧૯ |
| ૫ | બોર્ડ દ્વારા ઉમેદવારોના બેઠકનંબર ઈ-મેઈલથી સંસ્થાઓને મોકલવાની તારીખ | ૨૫/૦૨/૨૦૧૯ |
| ૬ | આંતરીક પરીક્ષાની તારીખનો સમયગાળો | ૦૪/03/૨૦૧૯ થી ૧૮/03/૨૦૧૯ |
| ૭ | સંસ્થાઓએ બોર્ડ ખાતે આંતરીક ગુણ જમા કરાવવાની છેલ્લી તારીખ | ૨૧/03/૨૦૧૯ |
| ૮ | હોલ ટીકીટ ઓનલાઈન ડાઉનલોડ કરવાનો સમય | ૧૧/03/૨૦૧૯ |

### ❖ વાર્ષિક પરીક્ષાઓની તારીખો નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | પરીક્ષાનું નામ | શરૂ થવાની તારીખ | પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | ૧૮/03/૨૦૧૯ | ૧૮/૦૪/૨૦૧૯ |
| ૨ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ | ૧૮/03/૨૦૧૯ | 30/03/૨૦૧૯ |
| 3 | શિલ્પ પાંચમું વર્ષ | ૧૮/03/૨૦૧૯ | ૨૬/૦૪/૨૦૧૯ |

### ❖ પરીક્ષામાં બેસવાની પાત્રતા :

1. ઉચ્ચકલા પરીક્ષા માટે એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ , શિલ્પના પાંચમાં વર્ષની પરીક્ષા માટે ઉમેદવારની ૭૫% હાજરી પૂર્ણ કરેલ હોવી જોઈએ.

2. સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થામાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષાના અંતિમ દિવસ સુધીમાં નિયત હાજરી પૂર્ણ થતી હોય તેવા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં પ્રવેશ માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) આપવાનું રહેશે

3. જે ઉમેદવારના ઉચ્ચકલા નાં અભ્યાસક્રમનાં ચાલુ શૈક્ષણિક સત્રમાં આંતરીક ગુણ ૪૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવાર જ પરીક્ષામાં બેસવા પાત્ર રહેશે.

4. નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ના તા. ૧૨/૧૦/૨૦૧૭ ના પત્રક્માંક:૮૬/ચ/વિશિષ્ટ/પ્રવેશ/૨૦૧૭-૧૮/૧૪ ના કચેરી આદેશના મુદ્દા નં. ૩ મુજબ તાલીમાર્થીઓનો શૈક્ષણિક કાર્યભાર જાહેર રજાના દિવસોમાં કે શાળાના સમય બાદ વધારાના કોચીંગ ક્લાસ કરીને પૂર્ણ કરવાની જવાબદારી સબંધિત કોલેજના આચાર્યશ્રીની રહેશે.

❖ <u>પરીક્ષાનું માધ્યમ</u> :

પ્રશ્નપત્રોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

## ❖ <u>પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગેની અગત્યની સૂચનાઓ</u>::

આ જાહેરનામા સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા.૨૯/૦૧/૨૦૧૯(બપોરના ૧૪.૦૦) થી તા.૦૫/૦૨/૨૦૧૯(રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી)** દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- **તમારી પરીક્ષા** સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Formદેખાશે Application Formમાં *નિશાનીવાળી તમામ માહિતી ફરજિયાત ભરવાની રહેશે.
- **<u>હવે Save પર Click કરવાથી તમારો DataSave થશે. અહીં ઉમેદવારનો Application NumberGenerate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.</u>**
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photograph પર Click કરો. અહીં તમારો **<u>Application Number</u>** Type કરો અને તમારી BirthDate selectકરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરો.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને SignatureJPG format માં (15Kb)સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં uploadButton પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Preview & Confirm Application પર Click કરો.અહીં તમારો **<u>Application Number</u>** Type કરો અને તમારી BirthDate Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit

Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. **<u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશેનહી.</u>**

- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ અરજી માન્ય ગણાશે.
- હવે Print Application/Challanપર Click કરવું. અહીં તમારો Confirmation NumberType કરો અને તમારી Birth Date selectકરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફીના ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે.
- **કોલેજે ભરાયેલા તમામ આવેદનપત્રો આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા : ૧૫/૦૨/૨૦૧૯ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાના રહેશે.**
- **<u>અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક Online ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.</u>**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**

❖ **<u>ઉમેદવારો માટે સૂચનાઓ:</u>**

**ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશેતો તે રદ ગણવામાં આવશે.**

❖ <u>સંસ્થાઓએ કરવાની કાર્યવાહી</u> :

- **આ જાહેરનામાની જાણ સંસ્થાના નિયમિત અને અગાઉનાં વર્ષોમાં નાપાસ થયેલ કે ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને કરવાની રહેશે**
- સંસ્થાના નિયમિત અને રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો સમય મર્યાદામાં ON LINE ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.
- ઉમેદવારે/સંસ્થાએ ON LINE આવેદનપત્ર ભરતી વખતે અટક,નામ,પિતાનું નામ, જન્મ તારીખ,જાતિ અને રિપીટરના કિસ્સામાં વિષય જેવી વિગતો પૂરી કાળજીથી ભરવી.પ્રથમ વર્ષનાં આવેદનપત્ર ભરતી વખતે બોર્ડની માર્કશીટ મુજબ અને બીજા વર્ષનાંઆવેદનપત્ર ભરતી વખતે પ્રથમ વર્ષની માર્કશીટ મુજબ વિગતો ભરવી.
- પરિક્ષા ફી ભરાયેલ ન હોય તેવા ઉમેદવારોના આવેદનપત્રો સ્વીકારવાના નથી.
- ખુટતી હાજરી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ જવાબદાર રહેશે નહી.પરીક્ષાના અંતિમ પેપર સુધીની હાજરી માન્ય ગણાશે.
- સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થામાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષાના અંતિમ દિવસ સુધીમાં નિયત હાજરી પૂર્ણ થતી હોય તેવા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં પ્રવેશ માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) આપવાનું રહેશે.

- નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી પાસેથી એપ્રુવ થયેલ યાદીમાં યાદી અનુસારના તમામ વિદ્યાર્થીઓ પૈકી અમુક વિદ્યાર્થીઓના ક્રમને જ એપ્રુવ કરેલ હોય એટલે કે, પુરી યાદીને બદલે અમુક વિદ્યાર્થીઓને એપ્રુવ કર્યાની નોંધ સાથે યાદી રજૂ કરતા હોય ત્યારે બાકી રહેલા એટલે કે જેને એપ્રુવ ન કર્યા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદન પત્રો સંસ્થા દ્વારા બોર્ડને રજૂ થશે તો આવા કિસ્સામાં સંસ્થાના આચાર્ય દ્વારા બોર્ડને ગેરમાર્ગે દોરી અનઅધિકૃત વિદ્યાર્થીઓને કોર્ષ કરાવી પરીક્ષામાં ઉપસ્થિત કરાવવા બદલ ગેરરીતિ ગણવામાં આવશે.
- સંસ્થાએ સંસ્થા અને વિદ્યાર્થીના રજૂ કરવાના જરૂરી આધારો/પ્રમાણપત્રોની તમામ વિગતોની ચકાસણી કરીને યોગ્ય રીતે ફાઇલીંગ કરી તથા સંસ્થાઓએ તમામ આવેદનપત્રોની સોફટકોપી (સી.ડી.) તથા હાર્ડકોપી તા:૧૫/૦૨/૨૦૧૯ ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર -૨૧ ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.
- સંસ્થા દ્વારા વર્ષ : ૨૦૧૮-૧૯ માટે સંલગ્નતા રિન્યુઅલ ફી રૂપિયા ૨૦૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ આ કચેરીના પત્ર ક્રમાંક: રાપબો/એ.ટી.ડી.-ઉચ્ચકલા/૨૦૧૯/૨૦૮-૨૧૮, તા:૧૮/૦૧/૨૦૧૯ થી આપેલ સુચના અનુસાર તા:૧૫/૦૨/૨૦૧૯ ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર -૨૧ ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **પરીક્ષા ફી ની વિગત:**

| ક્રમ | પરીક્ષાનું નામ | આવેદનપત્ર ફી | રજી. ફી | પરીક્ષા ફી | ગુણપત્રક ફી | પ્રમાણપત્ર ફી | માઈગ્રેશન ફી | કુલ પરીક્ષા ફી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | 25 | 100 | 375 | 25 | 50 | 25 | **600** |
| ૨ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ | 25 | 100 | 575 | 25 | 50 | 25 | **800** |
| ૩ | શિલ્પ પાંચમું વર્ષ | 25 | 100 | 475 | 25 | 50 | 25 | **700** |
| ૪ | ઉપરોક્ત અભ્યાસક્રમના રિપિટર વિદ્યાર્થીઓ માટે | 25 | - | 100 (વિષય દીઠ) | 25 | - | - | - |

પરીક્ષા ફી કોલેજ તથા કોલેજના મથકોમાં આવેલી કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસમાં ચલણ થી ભરવાની રહેશે.

❖ **આવેદનપત્રો તથા અન્ય સાહિત્ય જમા કરાવવા બાબત :**

સંસ્થાએ નીચે દર્શાવેલ વિગતે આધારો સાથે ફાઇલ તથા અન્ય સાહિત્ય રજૂ કરવાનું રહેશે.

**(A)ફાઈલ નંબર-1 માં સામેલ રાખવાના આધારો:**

**(1) નીચેના નમૂનામાં વિગતો ભરીને સંસ્થાના લેટરપેડ પર ફોરવર્ડીંગ લેટર.**

| ક્રમ | પરીક્ષા | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|---|
| 1 | એપ્લાઇડ આર્ટસ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 2 | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 3 | સ્કલ્પચર કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 4 | એપ્લાઇડ આર્ટસ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 5 | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 6 | સ્કલ્પચર કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |

**(2)** **નીચે દર્શાવેલ વિગત મુજબ  કોર્ષવાર અલગ-અલગ યાદી (સોફ્ટ કોપી તથા હાર્ડ કોપી )**

આ યાદી : ક્રમ,પરીક્ષાર્થીનું નામ (અટક-પોતાનું નામ-પિતાનું નામ),ભરેલ ફી ,કન્ફર્મેશન નંબર તથા રીમાર્કસ એમ પાંચ કોલમમાં પત્રક બનાવીને મુકવું.

- **કેન્દ્રિયકૃત રીતે પ્રવેશ આપ્યા અંગેના નિયામકશ્રી,શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રની નકલ.**
- એપ્લાઇડ આર્ટસ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
- સ્કલ્પચર કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
- એપ્લાઇડ આર્ટસ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની યાદી
- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની યાદી
- સ્કલ્પચર કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની યાદી

તેમજ ઉપરોક્ત યાદીની ચેક કરેલી સોફ્ટ કોપી (C.D.) તથા હાર્ડ કોપી મુકવી. C.D. ઉપર સંસ્થાનું નામ અને કોડ નંબર ભુસાઈ ન જાય તે રીતે લખવો અને સીડીને યોગ્ય કવરમાં જમા કરાવવી.

**(B) ફાઈલ નંબર-2 માં સામેલ રાખવાના આધારો:**

પરીક્ષાર્થીઓનાONLINE ભરેલઆવેદનપત્રો પર આચાર્યશ્રીના સહી-સિક્કા કરી ઉપરોક્ત વિગતે ફાઈલ નં-1 માં જણાવ્યા અનુસાર(A)(1)માં દર્શાવેલ સંખ્યા મુજબ (A)(2) અનુસારની યાદીવાર ક્રમમાં સેપરેટર પાના સાથે આ આવેદનપત્રોને ફાઈલ કરી ફાઈલ પર નીચે દર્શાવેલ ફોર્મેટમાં પત્રક બનાવી પેસ્ટ કરવું.

| ક્રમ | વિગત | માહિતી(અંગ્રેજીમાં આપવી) | |
|---|---|---|---|
| ૧ | કોલેજનું નામ | PHONE NO. : | |
| ૨ | કોલેજનું સરનામું | AT&POST : VIA :<br>TALUKA: DISTRICT : | |
| 3 | કોલેજના આચાર્યશ્રીનું નામ | મોબાઈલ નં : | |
| ૪ | અવેદનપત્રોની સંખ્યા | એપ્લાઇડ આર્ટસ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓનીસંખ્યા: | |
| | | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | સ્કલ્પચર કોર્ષના નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | એપ્લાઇડ આર્ટસ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | સ્કલ્પચર કોર્ષના રીપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા: | |
| | | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા: | |

**(C) ફાઈલ નંબર-3 માં સામેલ રાખવાના આધારો:**

**ઉપરોક્ત યાદી અનુસારના ઉમેદવારોના નીચે મુજબના લાગુ પડતા આધારોને ફાઈલ કરી પાના નં આપવા.**

- ધોરણ-10/12 નીબોર્ડની માર્કશીટની નકલ.(દરેક કોર્ષના નિયમિત પરીક્ષાર્થી માટે)
- એપ્લાઇડ આર્ટસ કોર્ષનાપાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગ કોર્ષનાપાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- સ્કલ્પચરકોર્ષનાપાંચમાં વર્ષના તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.(રીપીટર પરીક્ષાર્થી માટે)
- ફી ભર્યાની SEB ચલણ અને પોસ્ટની રિસિપ્ટની નકલ.

**નોંધ:-**

ઉપરોક્ત વિગતે દર્શાવેલ ફીના ધોરણો કરતા પરીક્ષા ફીના સંદર્ભમાં કોઈપણ પ્રકારની વધુ ફીની રકમ કોઈ તાલીમી સંસ્થા લઈ શકશે નહીં.

❖ **ફી ભરવાની રીત:**

પરીક્ષા ફી ભરવા માટે અરજી Confirm થયા બાદ ચલણ સ્લીપની પ્રિન્ટ મેળવીને, આ ચલણ મારફત નજીકની કોઈપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટઑફીસમાં રોકડમાં જમા કરાવવાની રહેશે. ચલણની ત્રણેય નકલ પર પોસ્ટ ઓફિસ દ્વારા તારીખ અને સિક્કો લગાવી આપવામાં આવશે. જેમાથી ૨ નકલ સંસ્થા/ઉમેદવારને પોસ્ટ ઓફિસ દ્વારા પરત કરવામાં આવશે. આ ૨ નકલ માંથી ૧ નકલ સંસ્થા ખાતે રાખવાની રહેશે અને SEBના ચલણની નકલ ઉપર સંસ્થાએ પોતાની સંસ્થાના નામનો સિક્કો લગાવીને રા.પ.બો.ને ફાઈલ નંબર- ૩ માં સુચના મુજબ આવેદનપત્રની નકલ સાથે બીડવાની રહેશે.

❖ **પરીક્ષા કેન્દ્રની વિગત :**

- અમદાવાદ શહેર માટે અમદાવાદ શહેરની કોઇ એક સંસ્થા ખાતે એપ્લાઇડ આર્ટ્સ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ અને શિલ્પ માટે
- અમદાવાદ ગ્રામ્ય માટે ધોળકા ખાતેની કોઇ એક સંસ્થા ખાતે એપ્લાઇડ આર્ટ્સ માટે
- મહેસાણા માટે મહેસાણા ખાતેની કોઇ એક સંસ્થા ખાતે એપ્લાઇડ આર્ટ્સ માટે
- નવસારી માટે અમલસાડ ખાતેની કોઇ એક સંસ્થા ખાતે એપ્લાઇડ આર્ટ્સ માટે

**ખાસ નોંધ :-**

ઉચ્ચકલાની એપ્લાઈડ આર્ટ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ અને શિલ્પ ની પરીક્ષાનું સ્થળ (બિલ્ડીંગ) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નક્કી કરશે. આ ત્રણેય પરીક્ષા માટે સ્થળના સ્થળ સંચાલક એક જ વ્યક્તિ રહેશે અને તેની નિમણૂક શિક્ષણાધિકારીશ્રી કરશે. જેમાં ઉચ્ચકલા સંસ્થાનો એક પણ સ્ટાફ નિયામક કે સહનિયામક તરીકે ફરજ બજાવી શકશે નહી. તેઓ માત્ર સુચારૂ વ્યવસ્થાના સહભાગી બનશે. સ્ટ્રોંગરૂમ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી પોતાના અથવા કેન્દ્ર સંચાલકના તાબા હેઠળ રાખવાનો રહેશે. દરરોજ સ્ટ્રોંગરૂમ પરથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા કેન્દ્ર સંચાલક પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ લઈ જશે.અને સાંજે તે જ સ્ટ્રોંગરૂમ ખાતે સીલ કરવાના રહેશે.

❖ **કૃપાગુણની જોગવાઇ:**

- માત્ર લેખિત વાર્ષિક પરીક્ષામાં ૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ પરંતુ વધુમાં વધુ ૦૫(પાંચ) કૃપા ગુણ તરીકે મળી શકશે અને આ કૃપાગુણનો લાભ વધુમાં વધુ બે જ વિષયમાં મળી શકશે.

# Drawing & Painting –V:Exam - 2019 Schuledule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલ સમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 01 | કમ્પેરીટીવ સ્ટડીઝ ઈન કોન્ટેમ્પરી આર્ટ એન્ડ ઈટ્સ ઈસ્યુ એન્ડ એપ્રિસિએશન (થીયરી) | 3 | ૧૮/03/૨૦૧૯ | સોમ | ૧૧ થી ૨ | 100 |
| 02 & 03 | રીપ્રેઝન્ટેશનલ<br>અથવા<br>નોન રીપ્રેઝન્ટેશનલ | ૨૫ | ૧૯/03/૨૦૧૯<br>૨૦/03/૨૦૧૯<br>૨૨/03/૨૦૧૯<br>૨૩/03/૨૦૧૯<br>૨૫/03/૨૦૧૯ | મંગળ<br>બુધ<br>શુક્ર<br>શનિ<br>સોમ | ૧૧ થી ૨<br>અને<br>૩ થી ૫ | 100 |
| 04 & 05 | પોર્ટ્રેઈટ પેઈન્ટીંગ અથવા મ્યુરલ પેઈન્ટીંગ | ૨૫ | ૨૬/03/૨૦૧૯<br>૨૭/03/૨૦૧૯<br>૨૮/03/૨૦૧૯<br>૨૯/03/૨૦૧૯<br>30/03/૨૦૧૯ | મંગળ<br>બુધ<br>ગુરૂ<br>શુક્ર<br>શનિ | ૧૧ થી ૨<br>અને<br>૩ થી ૫ | 100 |
| નોંધ: વિષય કોડ-2 થી 5 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં (૨ થી ૩ વિરામ) રહેશે. | | | | | | |

- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગના પાંચમાં વર્ષમાં વિષય પસંદગી :
  - વિદ્યાર્થીઓએ નીચે આપેલ ગૃપમાંથી એક એક વિષય રાખવાનો રહેશે.
  - ગૃપ -૧ માથી (02) રીપ્રેઝન્ટેશનલ (03) નોન રીપ્રેઝન્ટેશનલ (બે માથી એક )
  - ગૃપ -૧ માથી (04) પોર્ટ્રેઈટ પેઈન્ટીંગ (05) મ્યુરલ પેઈન્ટીંગ (બે માથી એક )

- ડ્રોઇંગ એન્ડ પેઈન્ટીંગના પાંચમાં વર્ષમાં પાસિંગનું ધોરણ :
  - ઉમેદવારે પોતાના સ્પેશ્યલાઈઝેશન વિષયમાં એક ટૂંકો આર્ટીકલ તૈયાર કરવાનો રહેશે. જેના ગુણ 50 છે. જેમાથી 40% (20 ગુણ )મેળવવાના રહેશે.
  - દરેકવિષયમાં કોલેજ કક્ષાએ લેવાતી આંતરિક અને લેખિત/પ્રાયોગિક બાહ્ય પરીક્ષામાં પાસ થવાનું ધોરણ 40% રહેશે.

# Applied Art-*V*: Exam–2019 Schedule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલસમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 01 | એડવર્ટાઇઝિંગ આર્ટ એન્ડ આઈડીયાઝ  વીથ કોપીરાઈટીંગ | 3 | ૧૮/03/૨૦૧૯ | સોમ | 11 થી 2 | 100 |
| 02 | ઈન્ડોર પેપર -1 | ૧૫ | ૧૯/03/૨૦૧૯<br>૨૦/03/૨૦૧૯<br>૨૨/03/૨૦૧૯ | મંગળ<br>બુધ<br>શુક્ર | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 03 | ઈન્ડોર પેપર –2 | ૧૫ | ૨૩/03/૨૦૧૯<br>૨૫/03/૨૦૧૯<br>૨૬/03/૨૦૧૯ | શનિ<br>સોમ<br>મંગળ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 04 | લેટરીંગ એન્ડ ટાઇપોગ્રાફી  પેપર -1 | ૧૫ | ૨૭/03/૨૦૧૯<br>૨૮/03/૨૦૧૯<br>૨૯/03/૨૦૧૯ | બુધ<br>ગુરૂ<br>શુક્ર | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 05 | લેટરીંગ એન્ડ ટાઇપોગ્રાફી  પેપર -2 | ૧૫ | ૩૦/03/૨૦૧૯<br>૦૧/૦૪/૨૦૧૯<br>૦૨/૦૪/૨૦૧૯ | શનિ<br>સોમ<br>મંગળ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 06 | ઈલેસ્ટ્રેશન પેપર –1 | ૧૫ | 03/૦૪/૨૦૧૯<br>૦૪/૦૪/૨૦૧૯<br>૦૫/૦૪/૨૦૧૯ | બુધ<br>ગુરૂ<br>શુક્ર | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 07 | ઈલેસ્ટ્રેશન પેપર –2 | ૧૫ | ૦૮/૦૪/૨૦૧૯<br>૦૯/૦૪/૨૦૧૯<br>૧૦/૦૪/૨૦૧૯ | સોમ<br>મંગળ<br>બુધ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 08 | આઉટડોર પેપર –1 | ૧૫ | ૧૧/૦૪/૨૦૧૯<br>૧૨/૦૪/૨૦૧૯<br>૧૩/૦૪/૨૦૧૯ | ગુરૂ<br>શુક્ર<br>શની | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| 09 | આઉટડોર પેપર –2 | ૧૫ | ૧૫/૦૪/૨૦૧૯<br>૧૬/૦૪/૨૦૧૯<br>૧૮/૦૪/૨૦૧૯ | સોમ<br>મંગળ<br>ગુરૂ | 11 થી 2<br>અને<br>3 થી 5 | 100 |
| નોંધ: વિષય કોડ-2 થી 9 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં (૨ થી ૩ વિરામ) રહેશે. | | | | | | |

- એપ્લાઇડ આર્ટ્સ અભ્યાસક્રમના પાંચમાં વર્ષમાં પાસિંગનું ધોરણ :
  - દરેકવિષયમાં કોલેજ કક્ષાએ લેવાતી આંતરિક અને લેખિત/પ્રાયોગિક બાહ્ય પરીક્ષામાં પાસ થવાનું  ધોરણ 40% રહેશે.

# Sculpture -*V*: Exam –2019 Schedule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનો કુલ સમય (કલાકમાં) | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 01 | હિસ્ટ્રી ઓફ મોર્ડન આર્ટ | 3 | ૧૮/03/૨૦૧૯ | ૧૧ થી ૨ | 100 |
| 02<br>OR<br>03 | રીપ્રેઝન્ટેશનલ<br>અથવા<br>નોન રીપ્રેઝન્ટેશનલ | ૮૦ | ૧૯/03/૨૦૧૯ થી<br>૦૫/૦૪/૨૦૧૯<br>:: રજાઓ ::<br>૨૧/03/૨૦૧૯<br>૨૪/03/૨૦૧૯<br>૩૧/03/૨૦૧૯<br>૦૬/૦૪/૨૦૧૯<br>૦૭/૦૪/૨૦૧૯ | ૧૧ થી ૨<br>અને<br>૩ થી ૫ | 100 |
| 04<br>OR<br>05 | મોન્યુમેન્ટલ સ્કલ્પચર<br>અથવા<br>પોટ્રેઈટ સ્કલ્પચર | ૭૫ | ૦૮/૦૪/૨૦૧૮ થી<br>૨૬/૦૪/૨૦૧૮<br>:: રજાઓ ::<br>૧૪/૦૪/૨૦૧૯<br>૧૭/૦૪/૨૦૧૯<br>૧૯/૦૪/૨૦૧૯<br>૨૧/૦૪/૨૦૧૯ | ૧૧ થી ૨<br>અને<br>૩ થી ૫ | 100 |
| નોંધ: વિષય કોડ-2 થી 9 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં (૨ થી ૩ વિરામ) રહેશે. | | | | | |

- **સ્કલ્પ્ચર પાંચમાં વર્ષમાં પાસિંગનું ધોરણ :**
  - ઉમેદવારે પોતાના સ્પેશ્યલાઈઝેશન વિષયમાં એક ટૂંકો આર્ટીકલ તૈયાર કરવાનો રહેશે. જેના ગુણ 50 છે. જેમાથી 40% (20 ગુણ )મેળવવાના રહેશે.
  - દરેકવિષયમાં કોલેજ કક્ષાએ લેવાતી આંતરિક અને લેખિત/પ્રાયોગિક બાહ્ય પરીક્ષામાં પાસ થવાનું ધોરણ 40% રહેશે.

(પી.એ. જલુ)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ:૨૨/૦૧/૨૦૧૯

- **નકલ જાણ અર્થે રવાના:**
  માન. નિયામકશ્રી, શાળાઓનીકચેરી,ગાંધીનગર
  નિયામકશ્રી, જીસીઇઆરટી સેકટર -૧૨, ગાંધીનગર
- **નકલ જરૂરી કાર્યવાહી તથા જાહેરનામાનો અમલ કરવા સારૂ :**
  (1) આચાર્યશ્રી, ક્લા સંસ્થાઓ (તમામ)
  (૨)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સંબધિત
  (3)હિસાબી અધિકારીશ્રી, સદર કચેરી